જિલ્લાના ૨૭ મતદાન મથકોનું વેબકાસ્ટીંગ કરવામાં આવશે

૩૦૦ માઈક્રો ઓબ્ઝર્વર, એસ.એમ.એસ. અને સેક્ટરલ સુપરવાઈઝર દ્વારા પંચ આ પ્રક્રિયા પર તેની સીધી નજર રાખશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિસ્તારના ૨૭ મતદાન મથકો પર ચૂંટણીપંચ સીધી નજર રાખશે. જિલ્લામાં વનરેબલ ગણાતા મતદાન મથકોનું વેબકાષ્ટ કરવાનો નિર્ણય ચૂંટણી પંચે કર્યો છે.

આ મતદાન મથકોમાં સી.સી. કેમેરા ટી.વી. લગાવવામાં આવશે અને પળેપળ પરની હલચલ પર પંચ નજર રાખશે. આ મતદાન મથકોનું વેબકાસ્ટીંગ જિલ્લા કલેક્ટર અને ચૂંટણીપંચ ખાતે રીલે થશે.

જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે તંત્રએ તેની તૈયારીઓ સંપન્ન કરી દીધી છે. આ વખતે પંચ દ્વારા ઝોનલ ઓફિસરો ઉપરાંત પોલીંગ પાર્ટી સાથે એક બી.એસ.ઓ.ને ખાસ એસ.એમ.એસ માટે પણ જવાબદારી સોંપી છે.

આમ પંચ એસ.એમ.એસ. દ્વારા અને વેબકાસ્ટીંગ તેમજ વિડીયોગ્રાફી દ્વારા શાંતિપૂર્ણ મતદાન થાય તે જોશે. પંચે મતદારોની જાગૃત્તિ માટે આ વખતે વિશેષ અભિયાન યોજ્યુ હોવાથી તેને પણ સારો પ્રતિસાદ મળશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રોમાંથી વ્યક્ત થઈ રહ્યો છે.

પ્રથમ તબક્કામાં થયેલ ઐતહાસિક મતદાન જેવુ જ મતદાન ૯૫ બેઠકો માટે થશે તેમ માનવું છે.

જિલ્લામાં ૨૦૦૭ માં ૬૦ ટકા સુધી મતદાન નોંધાયું હતું. આ ઉપરાંત બે પેટાચૂંટણીમાં ૭૦ ટકાથી વધુ મતદાન નોંધાયું હોવાથી આ સામાન્ય ચૂંટણીમાં પણ ભારે મતદાન થશે તેમ તંત્રનું માનવું છે.

જિલ્લામાં મતદાન સંપૂર્ણ શાંતિપૂર્ણ વાતાવરણમાં નિર્ભીક રીતે થાય તે માટે કેન્દ્રીય અનામત દળ, એસ.આર.પી. ઉપરાંત સ્થાનિક પોલીસ અને હોમગાર્ડના જવાનોને પણ પરજ સોંપવામાં આવી છે. તેમજ ૧૨ જેટલી ક્વીક રીસપોન્સ ટીમો પણ પોલીસ દ્વારા રચવામાં આવી છે.

મતદાન મથકની અંદર તેમજ બહાર બનતી ઘટનાઓ પર નજર રાખવા માટે ૩૦૦ માઈક્રો ઓબ્ઝર્વરની પણ નિમણુંક કરવામાં આવી છે.

ઉ.ભારત પ્રવાસ
દિલ્હી-જયપુર-હરિદ્વાર-ગોકુળ-મથુરા-વૃંદાવન-બારસાના-આગ્રા-દેહરાદૂન-મસુરી-શ્રીનાથજી-પુષ્કર-અજમેર
પ્ર.દિ.-૧૨, ઉ.તા. ૨-૧-૨૦૧૩
ગુજરાતી ભોજન ● હોટલ રોકાણ
અમી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
મો. : ૯૧૭૩૫૧૭૭૩૮



વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ, ૨૦૧૨

ભારતના ચૂંટણી પંચ તરફથી વિધાનસભાની ચૂંટણીઓ માટે જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર બીજા તબક્કામાં ૧૨ જીલ્લાની ૯૫ બેઠકો માટે તા. ૧૭/૧૨/૨૦૧૨ને સોમવારના રોજ સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ સુધી મતદાન યોજાનાર છે. મતદાન મથકે મતદાન માટે આવનાર મતદારે પોતાની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC) રજૂ કરવાનું રહેશે, તે પ્રમાણે ચૂંટણી પંચે નિર્દેશ કરેલ છે. જે મતદારો પાસે ફોટો ઓળખકાર્ડ નથી, તેમણે ચૂંટણી તંત્ર તરફથી આપવામાં આવેલ અધિકૃત 'ફોટો મતદાર કાપલી' રજૂ કરવાની રહેશે. **પરંતુ જો કોઈ મતદાર તેનું મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC) અથવા ચૂંટણી તંત્ર તરફથી મતદારોને આપવામાં આવેલ 'અધિકૃત મતદાર ફોટો કાપલી'** રજૂ ના કરી શકે અથવા તેમાં દર્શાવવામાં આવેલ ફોટો મતદાર સાથે મળતો ના આવે તો તેની અવેજીમાં મતદાન અર્થે મતદાન મથકે મતદાર પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી શકે તે માટે નીચે દર્શાવેલ દસ્તાવેજી પુરાવાઓ ભારતના ચૂંટણી પંચે માન્ય રાખેલ છે.

(૧) પાસપોર્ટ
(૨) ડ્રાઈવીંગ લાયસન્સ
(૩) ઈન્કમટેક્ષ (PAN) ઓળખકાર્ડ
(૪) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા અથવા પબ્લીક લિમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવતા ફોટો સાથેનાં ઓળખકાર્ડ
(૫) પબ્લીક સેક્ટર બેન્કો અને પોસ્ટ ઓફીસ તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક અને કિસાન પાસબુક (તા. ૩૦/૯/૨૦૧૨ના રોજ અથવા તે પહેલાં ખાતું ખોલાવેલ હોય)
(૬) સ્વાતંત્ર સેનાનીઓને આપવામાં આવેલ ફોટા સાથેના ઓળખકાર્ડ
(૭) તા. ૩૦/૯/૨૦૧૨ના રોજ અથવા તે પહેલાં આપવામાં આવેલ અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / અન્ય પછાત વર્ગ (OBC)નું સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ફોટા સાથેનું પ્રમાણપત્ર.
(૮) તા. ૩૦/૯/૨૦૧૨ના રોજ અથવા તે પહેલાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ફોટો સાથેનું વિકલાંગ પ્રમાણપત્ર.
(૯) તા. ૩૦/૯/૨૦૧૨ના રોજ અથવા તે પહેલાં આપવામાં આવેલ ફોટો સાથેના હથિયારોના લાઈસન્સ.
(૧૦) તા. ૩૦/૯/૨૦૧૨ સુધી આપવામાં આવેલ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના (NREGA) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેના જોબ કાર્ડ.
(૧૧) ફોટા સાથેના મિલ્કતના દસ્તાવેજો જેવા કે, પટ્ટા, રજીસ્ટર્ડ ડીડ વગેરે.
(૧૨) તા. ૩૦/૯/૨૦૧૨ના રોજ અથવા તે પહેલાં આપવામાં આવેલ ફોટા સાથેના પેન્શન પ્રમાણપત્રો જેવા કે, માજી સૈનિકની પેન્શન બુક / પેન્શન પેમેન્ટ ઓર્ડર, માજી સૈનિકની વિધવા / આશ્રિતોના પ્રમાણપત્રો, મોટી ઉંમરની વ્યક્તિના પેન્શન ઓર્ડર, વિધના પેન્શન ઓર્ડર.
(૧૩) શ્રમ મંત્રાલય તરફથી તા. ૩૦/૯/૨૦૧૨ સુધી આપવામાં આવેલ ફોટા સાથેના હેલ્થ ઈન્સ્યુરન્સ સ્કીમના સ્માર્ટ કાર્ડ.
(૧૪) નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર (NPR) સ્કીમ હેઠળ RGI દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ
(૧૫) UIDAI દ્વારા આપવામાં આવેલ આધાર કાર્ડ.

આથી બીજા તબક્કા માટે તા. ૧૭/૧૨/૨૦૧૨ના રોજ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં મતદાન મથકે જે મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC) / અધિકૃત મતદાર ફોટો કાપલી (Voter Slip) રજૂ ના કરી શકે તો તે મતદાર ઉપર જણાવેલ દસ્તાવેજી પુરાવાઓ કે જેનાથી મતદારની ઓળખ નક્કી થઈ શકે તે રજૂ કરી મતદાન કરી શકશે.

અનીતા કરવલ
મુખ્ય ચૂંટણી અધિકારી
ગુજરાત રાજ્ય

માહિતી/૧૭૫૧/૧૨-૧૩

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com